# શું તમને ટીવી લાયસન્સની જરૂર છે?

## તમારે TV લાયસન્સ શેના માટે જોઈએ છે?

TV પર જે કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે તે જોવા માટે અથવા રેકોર્ડ કરવા માટે તમે કોઈપણ સાધનનો ઉપયોગ કરતા હો તેના માટે તમારે TV લાયસન્સ લેવાનું રહેશે. તેમાં TV, કોમ્પ્યુટર્સ, મોબાઈલ ફોન્સ, ગેમ્સ કોન્સોલ્સ, ડિજીટલ બોક્સીસ અને ડિવીડી/વીએચએસ રેકોર્ડર્સનો સમાવેશ થાય છે.

અને શું તમે એ જાણતાં હતાં કે માન્ય ટીવી લાયસન્સ વગર જો તમે ટેલિવિઝનનાં કાર્યક્રમો જોતાં પકડાઈ જાવ તો તમારી સામે કોર્ટમાં કાનૂની કાર્યવાહીકરીને તમને £1,000 જેટલાં દંડની સજા પણ થઇ શકે છે.

આથી જો તમે TV જોતા અથવા રેકોર્ડ કરતા હો તમારે હમણાં લાયસન્સ લેવાનું રહેશે. ટીવી લાયસન્સ ખરીદવાની કિંમત જુદી જુદી રીતે કેવી રીતે ચૂકવી શકાય તે માટે ''લાયસન્સ કેમ ખરીદવું?'' (How to buy a licence) વિશે નીચે આપેલી નોંધ વાંચી જશો.

## માત્ર નોન-યુકે સેટેલાઈટ કાર્યક્રમો જોવા?

જો તમે માત્ર UK ની બહારથી પ્રસારીત કરવામાં આવતા પ્રોગ્રામો જોતા હો અથવા રેકોર્ડ કરતા હો, તો પણ તમારે TV લાઇસન્સની જરૂર પડશે.

## શું તમે તેનાં માટે અઠવાડિક હપ્તાઓમાં ફી ચૂકવશો?

જો તમે તમારા TV લાયસન્સના ખર્ચને અઠવાડિક ચૂકવણા દ્વારા કરવા માંગતા હો તો, તમે TV લાયસન્સિંગ પેમેન્ટ કાર્ડ હેઠળ નાનામાં નાના £5.60 ના હપ્તા દ્વારા ચૂકવી શકો છો. આનાં માટે 0300 555 3456 પર ફોન કરવા વિનંતી.

## તાજેતરમાં ઘર બદલાવ્યું છે?

જો તમે હમણાં જ નવાં ઘરમાં રહેવા ગયા હો અને તમારા જૂનાં સરનામે લાયસન્સ ધરાવતા હો, તો કૃપા કરી અમારી વેબસાઈટ **www.tvlicensing.co.uk/moving** ની મુલાકાત લઈ અથવા 0300 790 6044 પર ફોન કરી અમને જાણ કરો.

## શું તમે વળતર મેળવી શકશો?

**શું તમે, અથવા તમારી સાથે રહેતા કોઈ:**

- **75 વર્ષ અથવા તેથી વધુ હોય?** તો તમે મફત TV લાયસન્સ મેળવવા માટે લાયક થઇ શકશો. અરજી કરવા માટે, ઓનલાઈન પર જાવ અથવા 0300 790 6044 પર હમણાં અમને ફોન કરો.
- **74 વર્ષ હોય?** તમારા 75મા જન્મ દિવસ સુધી તમે ટૂંકા સમય માટે TV લાયસન્સ માટે તમે અરજી કરી શકશો.
- **અંધ અથવા દ્રષ્ટિની સખત ખામીવાળાં છો?** તમે 50% વળતર માટે લાયક થશો. અરજી કરવા માટે, ઓનલાઈન જાવ અથવા તમારી અંધ નોંધણી દસ્તાવેજ - અથવા તમારા આંખના ડોકટરનાં સર્ટીફિકેટ - તમારા લાયસન્સ નંબર, ફોન નંબર સાથે અને TV Licensing, Blind Concession Group, Bristol BS98 1TL ને ચેક ચૂકવણીની નકલ પોસ્ટ કરો.

## લાયસન્સની આવશ્યકતા નથી

TV પર જે કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે તે જોવા માટે અથવા રેકોર્ડ કરવા માટે તમે TV, કોમ્પ્યુટર્સ, મોબાઈલ ફોન્સ, ગેમ્સ કોન્સોલ્સ, ડિજીટલ બોક્સ, ડિવીડી/વીએચએસ રેકોર્ડર્સ અથવા અન્ય કોઈ સાધન પર જે કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે તે તમે જોતા અથવા રેકોર્ડ કરતા ન હો તો - તમારે TV લાયસન્સની આવશ્યકતા નથી. કૃપા કરી અમને **www.tvlicensing.co.uk/noTV** અથવા 0300 790 6044 પર જાણ કરો.

## લાયસન્સ કેવી રીતે ખરીદવું.

કલર ટીવી લાયસન્સની કિંમત હાલમાં £145.50 (બ્લેક એન્ડ વ્હાઇટ ટીવી લાયસન્સ માટે £49.00) છે. આ કિંમત ચૂકવવાની ઘણી રીતો છે. તમને સૌથી સારી લાગે તે પધ્ધતિ તમે જ પસંદ કરી લો.

**ઓનલાઈન.** તમે અમારી વેબસાઇટ **www.tvlicensing.co.uk** પર ઓન લાઈન પેમેન્ટ પણ કરી શકો છો. તેનાં માટે તમારા ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડની વિગતો તમારી પાસે હાથવગી રાખવી જરૂરી છે.

**તમારા બેંક ખાતામાંથી ડાઈરેક્ટ ડેબીટ દ્વારા. તમે માસિક, ત્રિમાસિક અથવા વાર્ષિક ચૂકવણી કરી શકશો.** ડાઈરેક્ટ ડેબીટ દ્વારા ચૂકવણીની વ્યવસ્થા કરવા માટે માત્ર **www.tvlicensing.co.uk/dd** ની મુલાકાત લો અથવા તમારી બેંક માહિતી હાથ પર રાખી 0300 790 6044 પર અમને ફોન કરો.

**ડેબિટ/ક્રેડિટ કાર્ડ દ્વારા.** Maestro, Delta, Solo, Visa, Visa Electron અથવા MasterCard, જેવાં ડેબિટ/ક્રેડિટ કાર્ડ દ્વારા પેમેન્ટ કરવા માટે 0300 790 6044 પર ફોન કરવા વિનંતી. તમે ફોન કરો ત્યારે તમારા કાર્ડની વિગતો તમારી પાસે તૈયાર રાખશો.

**કોઈપણ પે-પોઈન્ટ આઉટલેટ પરથી.** કેશ અથવા ડેબિટ કાર્ડ દ્વારા તમે TV લાયસન્સની પૂરી કિંમત ચૂકવી શકો છો.

**ટપાલ દ્વારા.** 'TV Licensing'ના નામનો ચેક TV Licensing, Bristol BS98 1TL ના સરનામે મોકલશો. ચેકની પાછળ તમારું નામ, સરનામું અને પોસ્ટકોડ જરૂર લખશો. અહિં રોકડા પૈસા ન મોકલવા વિનંતી.

જો તમારા કોઈ પ્રશ્નો હોય અથવા આ પત્રિકા વિશે કોઈ મદદની આવશ્યકતા હોય, તો કૃપા કરી 0300 790 6044 પર ફોન કરો.

**જો તમે દ્રષ્ટિની સમસ્યાઓ ધરાવતા હો, તો આ માહિતી 0300 790 6076 પર ફોન કરી તમે ઈમેઈલ અથવા બ્રેઈલ, મોટી પ્રિન્ટ અથવા શ્રાવ્ય સ્વરૂપોમાં મેળવી શકશો. વધુમાં, બધિરો અથવા સાંભળવાની તકલીફ ધરાવતા લોકો માટે 0300 790 6050 પર મિનિકોમ સુવિધા ઉપલબ્ધ છે.**

વાતની નોંધ લેશો કે હવે TV લાયસન્સ સેવિંગ સ્ટેમ્પની જગ્યાએ TV લાયસન્સ સેવિંગ કાર્ડ આવી ગયું છે. વધુ માહિતી માટે 0300 555 0282 પર ફોન કરવા વિનંતી.